


# આહ્‌વાન

A MONTHLY BULLETIN OF SHAHPUR METHODIST CHURCH



Address : Bahai Center, Shahpur, Ahmedabad 380 001.

Email :rev.arvindkhristi@gmail.com
Visit us at : www.shahpurmethodistchurch.com

Pastor : Rev. Arvind R. Khristi
Ph. : 079-25503545 (M) 9913070647



વર્ષ - ૪૯ | નવેમ્બર - ૨૦૨૧ | પત્ર - ૯૯


## ‘આપણે પ્રભુના હાથમાં છીએ.’ યર્મિયા ૧૮ઃ૬

ઈસ્રાએલી પ્રજા પ્રભુની પસંદ કરેલી પ્રજા પ્રભુને વિસરી તેઓ પોતાના માર્ગોમાં ચાલે છે. પ્રભુને છોડીને પોતાના માર્ગોમાં ચાલે છે. પોતાની મરજી પ્રમાણે ચાલે છે. તેઓ આ રીતે વર્તીને પ્રભુને નારાજ કરે છે. આવા સમયે પ્રભુ યર્મિયા પ્રબોધકને કુંભાર પાસે મોકલે છે. જ્યાં કુંભારના હાથમાં માટી છે અને વાસણ ઘડે છે પરંતુ તે બગડી જતાં ફરીથી પોતાને સારું લાગે તેવું ઘડે છે. આ દ્વારા પ્રભુ પ્રજાને સમજાવવા માગે છે કે તેઓ જેવું ઈચ્છે તેવું વાસણ બનાવી શકે છે. પરંતુ પ્રભુના હાથમાં જે માટી છે તે માટી વિશે આપણે વિચાર કરીએ.

માટી પ્રભુના સામર્થ્યવાન હાથમાં છે જે હાથો સર્વ ઉત્પન્ન કરનાર અને બનાવનાર છે. જે સહાય કરનાર અને આશિષ આપનાર છે. ગીતશાસ્ત્ર ૧૧૯ઃ૭૩માં ગીતકર્તા લખે છે તે પ્રમાણે તે ઘડનાર અને બનાવનાર છે. વ્હાલાઓ માટી તરીકે આપણે પ્રભુના હાથોમાં હોવા જોઈએ.

આ માટી કેવી હોવી જોઈએ કે જેથી તેને સુંદર વાસણ બનાવી શકાય જેથી તેને બનાવનારની પ્રસંશા થઈ શકે. આ માટીની ખાસ વિશેષતાઓ, ખૂબીઓ કેવી છે તે વિશે વિચાર કરીએ.

આ માટી પોતાના માલિકના હાથમાં પૂરી રીતે આધીન હોય છે. નમ્રતાથી પોતાને પોતાના માલિકાના હાથમાં સોંપી દે છે. માટીને રગદોળવામાં આવે છે, ફેંકવામાં આવે છે. ભીની કરવામાં આવે છે છતાં પોતાના માલિકના હાથમાં કોઈ પણ કચકચ અથવા ફરિયાદ વિના આધિન રહે છે. પ્રભુના બાળકો તરીકે આપણે ગમે તે પરિસ્થિતિ અથવા સમય સંજોગોમાં પ્રભુના હાથમાં આધિન રહેવાનું છે. ત્યારે તે એક સુંદર વાસણ બનાવી શકે છે.

પ્રભુના હાથમાં રહેનાર માટીની બીજી ખાસિયત એ છે કે તે નરમ હોય છે. નરમ હોવાના કારણે તેનો યોગ્ય આકાર ઘડી શકાય છે. જો તેમાં કઠિનતા આવે તો તે શક્ય બનતું નથી. નરમ માટીમાં નાનો સખ્ત પથ્થર આવે તો પણ તે વાસણની બનાવટને બગાડી નાખે છે.

ત્રીજી બાબત એ છે કે તે માટી ભીની હોવી જોઈએ. સુકી માટીનો આકાર થઈ શકે નહીં ભીનાશ એ પ્રેમ, દયા અને ભલાઈ દર્શાવે છે.

ચોથી બાબત એ છે કે આ માટીમાંથી બનાવેલા વાસણને અગ્નિમાં નાખી પાકા બનાવવામાં આવે છે. કઠિન પરિસ્થિતિમાંથી પસાર થાય છે.

વ્હાલાઓ આપણે માટી તરીકે પ્રભુના સમર્થ હાથમાં સંપૂર્ણ આધિનતા, નમ્રતા અને નરમ બની ગમે તેવી પરિસ્થિતિમાં પસાર થઈએ પણ તેમના હાથોમાં જ રહીએ અને સારા વાસણ બની પ્રભુને મહિમા આપનાર બનીએ.

આપણો ઘાટ બગડી ગયો હોય છતાં પણ તે તેમને ગમતું રૂપ આપણને આપી શકે છે.

## BIRTHDATES IN NOVEMBER

૩/૧૧ ખ્રિસ્તી સુનિલ શંકરભાઈ
૪/૧૧ બ્રેન્તીયસ ફિલીપ પરીખ
૫/૧૧ સ્વીટી હિમાલય ઠાકોર
૫/૧૧ શાલીન સામી ગામડીઆ
૬/૧૧ લીનાબહેન એસ. માસ્ટર
૬/૧૧ જોસ્ફીનબહેન કે. વાઘેલા
૭/૧૧ એલેક્ષ વિલ્સનભાઈ ક્રિશ્ચિયન
૮/૧૧ શેલ્ડન વી. ક્રિસ્ટી
૮/૧૧ વાયોલેટ નોએલ ક્રિશ્ચિયન
૯/૧૧ પ્રશાંત કે. ક્રિશ્ચિયન
૧૧/૧૧ રેજીના કોલિન ડેવિડ
૧૧/૧૧ ખુશી કૃણાલ મહિલા (યુ.એસ.એ.)
૧૨/૧૧ કિશોરકુમાર બી. વાઘેલા
૧૨/૧૧ સુશીલાબહેન એસ. ક્રિસ્ટી
૧૨/૧૧ કુમુદબહેન એ. મસિહી
૧૩/૧૧ વિલ્સન અશ્વિન પરીખ
૧૭/૧૧ વેલ્સ એન. ક્રિસ્ટી
૧૭/૧૧ કોલીન એસ. ડેવિડ
૧૭/૧૧ ડીન એચ. કુંજરાવીયા (યુ.એસ.એ.)
૧૯/૧૧ નિલેશભાઈ એસ. ક્રિશ્ચિયન
૧૯/૧૧ મોનીકા એ. પેટ્રિક
૨૦/૧૧ પ્રશાંતભાઈ એસ. ક્રિશ્ચિયન
૨૧/૧૧ મણીબહેન વી. ગોહિલ
૨૨/૧૧ રવિ એચ. ઠાકોર
૨૫/૧૧ મેઘા મેકવાન
૨૭/૧૧ સુસ્મિતા એન. પરીખ
૨૮/૧૧ માગ્રેટબહેન નોએલ ક્રિશ્ચિયન
૩૦/૧૧ જેનેસીસ જીજ્ઞેશ દાસ

## નાણાંકીય અહેવાલ સપ્ટેમ્બર-૨૦૨૧

| | | |
|---|---|---|
| તા. ૦૧-૦૯-૨૧ ની ઉઘડતી સિલક | | |
| | રોકડ | ૪૪,૮૭૩.૮૮ |
| | બેંકમાં | ૪,૪૨,૫૪૮.૨૪ |
| સપ્ટેમ્બર-૨૧ ની | આવક | ૩,૪૭,૬૨૬.૦૦ |
| | કુલ | ૮,૩૫,૦૪૮.૧૨ |
| તા.૩૦-૦૯-૨૧ ની બંધ સિલક | | |
| | રોકડ | ૬૭,૧૮૦.૮૮ |
| | બેંક | ૬,૪૧,૫૧૦.૨૪ |
| સપ્ટેમ્બર-૨૧ ની | જાવક | ૧,૨૬,૩૫૭.૦૦ |
| | કુલ | ૮,૩૫,૦૪૮.૧૨ |

શ્રી શરદભાઈ જે. માસ્ટર, ટ્રેઝરર

આ બુલેટીન છાપવાનો તમામ ખર્ચ પ્રભુ પ્રેમી એક દાતા બહેન તરફથી મળેલ છે.

## પાળક દ્વારા મળેલ બર્થડે અને આભાર સ્તુતિના દાન

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રીમતી મંજુલાબહેન એસ. ખ્રિસ્તી | આ.સ્તુ. | ૧૦૦.૦૦ |
| ૨. | શ્રી રાજ એસ. શાહ | પુ.ફંડ | ૧૦૦૦.૦૦ |
| ૩. | શ્રી રાજ એસ. શાહ | ચર્ચ રી. | ૧૦૦૦.૦૦ |
| ૪. | શ્રી એન્થનીભાઈ એ. ક્રિશ્ચિયન દિકરી એનીની સગાઈ થવાથી અભિનંદન | આ.સ્તુ. | ૫૦૦૦.૦૦ |
| ૫. | શ્રી સુનિલભાઈ એ. ક્રિશ્ચિયન | બર્થડે | ૨૦૦-૦૦ |
| ૬. | શ્રી યસ એસ. ક્રિશ્ચિયન | આ.સ્તુ. | ૧૦૦-૦૦ |
| ૭. | તેજસ્વી આર. ફ્રાન્સિસ | બર્થડે | ૨૦૦-૦૦ |
| ૮. | શ્રીમતી નિલેશ્વરીબહેન એન. ક્રિશ્ચિયન | આ.સ્તુ. | ૨૦૦.૦૦ |
| ૯. | શ્રીમતી અરૂણાબહેન એસ. ગામડીયા | એ.ફંડ | ૪૦૦.૦૦ |
| ૧૦. | શ્રીમતી કલ્પનાબહેન વી. ક્રિસ્ટી | બર્થડે | ૨૦૦૦.૦૦ |
| ૧૧. | શ્રી રાજ એસ. શાહ | ચર્ચ રી. | ૩૦૦૦.૦૦ |
| ૧૨. | શ્રીમતી માર્ટીના ટી. વાઘેલા | બર્થડે | ૨૦૦.૦૦ |
| ૧૩. | શ્રીમતી કમળાબહેન કે. સોલંકી | આ.સ્તુ. | ૫૦૦.૦૦ |
| ૧૪. | એશલિન નિલય ચૌહાણ | બર્થડે | ૨૫૦૦.૦૦ |
| ૧૫. | એરીક નિલય ચૌહાણ | બર્થડે | ૨૫૦૦.૦૦ |
| ૧૬. | આર્નોન ટી. ક્રિશ્ચિયન | બર્થડે | ૫૦૦.૦૦ |
| ૧૭. | શ્રીમતી શર્મિલાબહેન એસ. અર્લિક | આ.સ્તુ. | ૫૦૦.૦૦ |
| ૧૮. | શ્રીમતી ઉર્મિલાબહેન આર. સોલંકી | આ.સ્તુ. | ૫૦૦.૦૦ |
| ૧૯. | રીયાન એસ. માસ્ટર | બર્થડે | ૫૦૦.૦૦ |
| ૨૦. | શ્રીમતી વૈશાલી પીલ્લઈ | આ.સ્તુ. | ૨૦૦.૦૦ |
| ૨૧. | શ્રી રાજેશ એસ. ક્રિશ્ચિયન-(યુ.એસ.એ.) દિકરા શૉનના કુટુંબમાં દીકરીનું દાન મળ્યું - અભિનંદન | આ.સ્તુ. | ૫૦૦૦.૦૦ |
| ૨૨. | શ્રી રાજેશ એસ. ક્રિશ્ચિયન | પુ.ફંડ | ૨૦૦૦.૦૦ |
| ૨૩. | શ્રીમતી શશીબહેન એસ. પરમાર - દિકરા શૉનના કુટુંબમાં દીકરીનું દાન મળ્યું - અભિનંદન | આ.સ્તુ. | ૫૦૦૦.૦૦ |
| ૨૪. | શ્રીમતી શશીબહેન એસ. પરમાર | ચર્ચ મે. | ૨૦૦૦-૦૦ |
| ૨૫. | શ્રી લીનસભાઈ સી. સોલંકી (યુ.એસ.એ.) | આ.સ્તુ. | ૧૦૦૦.૦૦ |
| ૨૬. | શ્રી એમ્બ્રોઝે એ. પેટ્રીક | આ.સ્તુ. | ૫૦૦.૦૦ |
| ૨૭. | શ્રીમતી પ્રતિમાબહેન એ. માસ્ટર | બર્થડે | ૧૦૦૦.૦૦ |
| ૨૮. | સ્વ. સુનિલભાઈ વિન્સેન્ટના સ્મરણાર્થે | આ.સ્તુ. | ૫૦૦૦.૦૦ |
| ૨૯. | કુ. સીલીયાબહેન એસ. મેકવાન | ચર્ચ રી. | ૧૦૦૦.૦૦ |
| ૩૦. | કુ. એવીસ એ. ઈમાનુએલ | બર્થડે | ૫૦૦.૦૦ |
| ૩૧. | શ્રીમતી સ્મિતલત્તા આર. ક્રિશ્ચિયન | બર્થડે | ૧૦૦૦.૦૦ |
| ૩૨. | શ્રીમતી શીરીનાબહેન એ. ગામડીયા | આ.સ્તુ. | ૨૦૦.૦૦ |
| ૩૩. | શ્રીમતી શર્મિલાબહેન એસ. અર્લિક | બર્થડે | ૫૦૦.૦૦ |
| ૩૪. | કુ. સેનિટા પી. ક્રિશ્ચિયન | આ.સ્તુ. | ૫૦૦.૦૦ |
| ૩૫. | શ્રીમતી પુષ્પાબહેન એસ. ચૌહાણ | બર્થડે | ૫૦૦.૦૦ |
| ૩૬. | શ્રી નિલયભાઈ એમ. ચૌહાણ | બર્થડે | ૫૦૦.૦૦ |
| ૩૭. | શ્રી આર્થર એ. પેટ્રીક | બર્થડે | ૫૦૦.૦૦ |
| ૩૮. | કુ. જીની જે. મેકવાન - પી.એચ.ડીની ડિગ્રી પ્રાપ્ત કરવા બદલ અભિનંદન | આ.સ્તુ. | ૧૦૦૦.૦૦ |
| ૩૯. | શ્રી નિલેષભાઈ બી. પરીખ | આ.સ્તુ. | ૩૦૦.૦૦ |
| ૪૦. | શ્રીમતી સંગીતાબહેન એન. પરીખ | બર્થડે | ૨૦૦.૦૦ |
| ૪૧. | શ્રીમતી સંગીતાબહેન એ. પરીખ | આ.સ્તુ. | ૨૦૦.૦૦ |
| ૪૨. | શ્રી પરેશભાઈ બી. પરીખ | આ.સ્તુ. | ૨૦૦.૦૦ |
| ૪૩. | શ્રી પ્રફુલ્લભાઈ એ. વિન્સેન્ટ | બર્થડે | ૫૦૦.૦૦ |
| ૪૪. | એલેક્ષ નોએલ ક્રિસ્ટી | બર્થડે | ૨૦૦.૦૦ |
| ૪૫. | શ્રી નોએલ એસ. ક્રિસ્ટી | આ.સ્તુ. | ૧૦૦.૦૦ |
| ૪૬. | શ્રીમતી જુલીયેટ નોએલ ક્રિસ્ટી | આ.સ્તુ. | ૧૦૦.૦૦ |

### જાહેરાત

● તા. ૨૮-૧૧-૨૧ રવિવારે પ્રભુ ઈસુના આગમનના રવિવાર તરીકે ઉજવવામાં આવશે. ● તા. ૫-૧૨-૨૧ પ્રથમ રવિવારે પ્રભુભોજન પળાવવામાં આવશે તથા વ્હાઈટ ગીફ્ટનું ખાસ દાન લેવામાં આવશે. ● તા. ૫-૧૨-૨૧ રવિવારે ભજનસેવા બાદ ઉત્પત્તિના ૧ થી ૨૫ અધ્યાય પ્રમાણે બાઈબલ પરીક્ષા લેવામાં આવશે જેમાં સર્વ સભ્યો ભાગીદાર બનશો. ● તા. ૫-૧૨-૨૧ રવિવારે બપોરે ૧-૦૦ વાગે સન્ડેસ્કૂલના બાળકોની પરીક્ષા લેવામાં આવશે. સર્વ બાળકો હાજરી આપશો. ● દર રવિવારની ભજનસેવા શરૂ કરવામાં આવેલ છે સર્વ વ્હાલા સભ્યજનો હાજરી આપશો. ● મંડળી અને સર્વ કાર્યો માટે પ્રાર્થના કરશો.

## ગત માસના કાર્ય તરફ દ્દષ્ટિપાત

- તા.૨-૧૦-૨૧ના રોજ શ્રી એન્થનીભાઈ ક્રિશ્ચિયનના દિકરી કુ. એની ક્રિશ્ચિયનની સગાઈ શ્રી કિરણભાઈ રાઠોડ (નડીયાદ)ના દિકરા આકાશ સાથે કરવામાં આવી. અભિનંદન.
- તા. ૩-૧૦-૧૧ રવિવારની ભજનસેવામાં વિશ્વપ્રભુભોજન નિમિત્તે પ્રભુભોજન પળાવવામાં આવ્યું.
  શ્રી નિલયભાઈ ચૌહાણ - શ્રીમતી મેરેલીનબહેન ચૌહાણના ટ્વીન્સ બાળકો બાબો એરીક અને બેબી એશલીનને પ્રભુના નામમાં અર્પણ કરી પ્રાર્થના સહ આશીર્વાદ આપવામાં આવ્યા.
  ભજનસેવા બાદ ડિસ્ટ્રીક્ટ એમ.વાય.એફ.ના જુવાનો 'યુથ ગોસ્પલ કેમ્પ' માટે દાન અર્થે આવેલ તેઓને સર્વ સભ્યો તરફથી દાન આપવામાં આવ્યું. સર્વનો આભાર.
  ભજનસેવા બાદ શ્રી એન્થનીભાઈ એ. ક્રિશ્ચિયન તરફથી તેમની દિકરી કુ. એની ક્રિશ્ચિયનની સગાઈ વિધિ સારી રીતે પૂર્ણ થતાં ઉપસ્થિત સર્વ સભ્યો માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. શ્રી એન્થનીભાઈ તથા શ્રીમતી ફેનીબેનનો પુષ્કળ આભાર.
- તા. ૧૦-૧૦-૨૧ રવિવારની ભજનસેવા ચલાવવામાં આવી. ભજનસેવાબાદ શ્રી નિલય ચૌહાણ શ્રીમતી મેરેલીનબહેન ચૌહાણ કુટુંબ તરફથી તેમના બાળકો એરીક અને એશલીનના જન્મદિવસ નિમિત્તે સન્ડે સ્કૂલના બાળકોને ભેટ આપવામાં આવી. ભજનસેવા બાદ પાસ્ટરેટ કમિટી મળી.
- તા. ૧૪-૧૦-૨૧ અમદાવાદ ડિસ્ટ્રીક્ટ વેસ્ટના પાળકોની પ્રાર્થના સંગત મેથોડિસ્ટ ચર્ચ, ગાંધીનગરમાં મળી જેમાં હાજરી આપી.
- તા. ૧૭-૧૦-૨૧ રવિવારની ભજનસેવા ચલાવવામાં આવી. ભજનસેવા બાદ સ્થાનિક મહિલામંડળની સંગત મળી તથા સન્ડેસ્કૂલ પણ શરૂ કરવામાં આવી. ભજનસેવા બાદ સ્થાનિક પાળકે આમેન મેથોડિસ્ટ ચર્ચ, લાંબામાં હાજરી આપી અને પ્રભુભોજન પળાવ્યું.
- તા. ૨૩-૧૦-૨૧ રાયખડ મેથોડિસ્ટ ચર્ચના સભ્ય શ્રી/શ્રીમતી સ્નેહલતાબહેન ડેનિયલભાઈના લગ્નના ૨૫ વર્ષ પૂર્ણ થતાં આભારસ્તુતિની સંગતમાં હાજર રહી. વચનની સેવા આપી.
- તા. ૨૪-૧૦-૨૧ રવિવારની ભજનસેવા બાદ પૂર્ણ-સભાસદ ઉમેદવારના વર્ગ શરૂ કરવામાં આવ્યા.
- તા. ૨૫-૧૦-૨૧ થી ૨૯-૧૦-૨૧ દરમિયાન રાત્રે ૮-૦૦ કલાકે લે-પ્રવૃત્તિ સપ્તાહની મિટીંગો જુદા જુદા વિસ્તારમાં અનુક્રમ શ્રી એન્થનીભાઈ ક્રિશ્ચિયન, શ્રી ડેનીભાઈ હેરી, શ્રી પ્રશાંતભાઈ એસ. ક્રિશ્ચિયન, શ્રી નિલેશભાઈ પરીખના ઘરે ચલાવવામાં આવી. જેઓએ હાજરી આપી તથા જે તે પરિવારે વ્યવસ્થા અને ચ્હા-નાસ્તાની વ્યવસ્થા આપી. સર્વનો આભાર.
- તા. ૩૧-૧૦-૨૧, રવિવારની ભજનસેવામાં લે-સન્ડેની ઉજવણી કરવામાં આવી. જેમાં શ્રી વિલ્યમભાઈ વાય. ક્રિશ્ચિયન એક્ઝી. બૉર્ડ ઓફ એમ.સી.આઈ.ના સભ્ય સીઓન મેથોડિસ્ટ ચર્ચ, સાબરમતીના સભ્યએ વર્તમાન સમય અનુસાર વચનની સેવા આપી. ચર્ચ તરફથી તેઓનો આવકાર કરવામાં આવ્યો. તેઓનો આભાર. ભજનસેવાનું સંચાલન સ્થાનિક લે-સમિતિ સભ્ય શ્રી લીનીયસભાઈ પેલ્મોરે કર્યું તેઓનો આભાર.
  આ ભજનસેવામાં પાળક પ્રશંસા દિવસ તરીકે સ્થાનિક પાળક કુટુંબને ઉત્તેજનના શબ્દો બુકે અને ભેટ આપી સન્માનિત કર્યા. પાસ્ટોરેટ કમિટી અને ચર્ચ સભ્યોને આભાર.

### અભિનંદન

● કુ. એની એ. ક્રિશ્ચિયનની આકાશ કે રાઠોડ સાથે સગાઈ કરવામાં આવી. તા. ૨-૧૦-૨૧ ● કુ. જીની જોનભાઈ મેકવાનને પીએચ.ડી.ની ડિગ્રી પ્રાપ્ત થયેલ છે.